જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૭/૨૦૨૨ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૫૮/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૧૪/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૩,૪૦,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

## નરોડા પોલીસ સ્ટેશન

## <u>પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-ર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. સી પાર્ટ:ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૨૦૫૧૨/૨૦૨૨ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) , ૬૫(એ)(એ) મુજબ (૨) નરોડા પો.સ્ટે. સી પાર્ટ: ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૫૭૧/૨૦૨૨ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫(ઇ) મુજબ ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૯૦/૨૦૨૨ તા-૧૪/૦૭/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૪/૦૭/૨૦૨૨ ના કલાક-૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી જીલ્લા જેલ પાલનપુર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

### <u>આરોપીનુ નામ -</u>

સુરેશ દિનુભાઇ વાઘરી ઉ.વ.૨૮ રહે: નાના ચિલોડા ગામ, દેવી પુજક વાસ, નરોડા, અમદાવાદ

### <u>કામગીરી કરનાર અધિકારી / કર્મચારી</u>

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તેમજ પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા લોકરક્ષક અનીલ કલસીંગભાઇ બ.નં.૧૧૩૯૯ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૪૯૨૭ તથા પ્રદીપભાઇ રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પી.આઇ.પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



## રાણીપ પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુના આચરતા આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧, અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુકમ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ આરોપીઓ દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર પી.બી.ખાંભલા નાઓ દ્વારા, દાખલ થયેલ શરીર સબંધી ગુના (૧) રાણીપ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૨૦૦૦૬/૨૦૨૨ ધી ઇપીકો. કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) તથા (૨) રાણીપ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૨૦૩૬૭/૨૦૨૨ ધી ઇપીકો. કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામે પકડાયેલ આરોપીઓ (૧) જયેશ ઉર્ફે શિવુ પ્રવિણભાઇ ઠાકોર ઉ.વ.૨૩ રહે:ખાડીયાની ચાલી, કેશવનગર, સુભાષબ્રીજ રાણીપ, અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીઓને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૯૧/૨૦૨૨ તા.૧૪/૦૭/૨૦૨૨ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૧૪/૦૭/૨૦૨૨ ના કલાક ૨૦/૩૦ વાગે તથા (૨) વિશાલ ઉર્ફે અપ્પુ દિનેશભાઇ ઠાકોર ઉ.વ.૨૫ રહે:ખાડીયાની ચાલી, કેશવનગર, સુભાષબ્રીજ રાણીપ, અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા /૬૯૨/૨૦૨૨ તા.૧૪/૦૭/૨૦૨૨ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૧૪/૦૭/૨૦૨૨ ના કલાક ૨૦/૪૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીઓને જીલ્લા જેલ પાલનપુર ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧
(૨) અ.પો.કો. શૈલેશભાઇ મહાદેવભાઇ બ.નં.૯૭૫૪
(૩) અ.લો.ર.દિલીપભાઇ વિરજીભાઇ બ.નં.૧૧૯૪૬



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૯૫ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૨૪ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૫,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૧/૨૦૨૨**

**એલીસબ્રીજઃ** દક્ષાબહેન વા/ઓ પરેશભાઇ પટેલ (ઉ.વ.૩૯)(રહે.પ્રણામી બંગ્લોઝ માધવ સ્કુલ રોડ વસ્ત્રાલ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૭/૨૦૨૨ સાંજના ૪/૩૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન શિવરંજની બીઆરટીએસ બસ સ્ટેન્ડથી માણેકબાગ બીઆરટીએસ બસ સ્ટેન્ડ સુધીની બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ દક્ષાબહેનની નજર ચુકવી પર્સમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ચૌધરી ચલાવે છે.

**નારોલઃ** સ્મિતભાઇ રમેશભાઈ ધાનાણી (ઉ.વ.૨૬)(રહે.નીલમ પાર્ક, સંભવપ્રેસની સામે જજીસ બંગ્લોઝ ચાર રસ્તા બોડકદેવ) એ તા.૧૪/૦૭/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નારોલ અસલાલી રોડ ઉપર પુજા ફાર્મની બાજુમાં સાઈટ ઉપર સિવીલ એન્જીનીયર તરીકે નોકરી કરતા નિકુંજભાઇ ગજેન્દ્રભાઈ જોષી (રહે.ભોજલધામ રેસીડેન્સી, પાણીની ટાંકી પાસે નિકોલ) તા.૨૭/૦૪/૨૦૨૨ થી તા.૧૩/૦૬/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન બાંધકામ સાઈટ ઉપરથી ટી.એમ.ટી. સ્ટીલનુ અંદાજીત ૩૬ ટન લોખંડ કિમત રૂપિયા ૨૨,૬૮,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬૨/૨૦૨૨</u>**

**એસ.જી.હાઇવે-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** સિધ્ધાર્થ મનોજ નાયર (ઉ.વ.૨૦)(રહે.જાન્વી બંગ્લોઝ, સરકારી ટ્યુબવેલ બોપલ) તા.૧૪/૦૭/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે ઇસ્કોન બ્રીજ, કર્ણાવતી ક્લબ થી પકવાન જવાના રોડ ઉપર શિવાલીક શિલ્પ બિલ્ડીંગની સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે.૦૧.ડી.ટી.૮૩૯૯ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવતા સિધ્ધાર્થના મોટર સાયકલને ટક્કર વાગતા સિધ્ધાર્થને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સેલ્બી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સિધ્ધાર્થ નાયરના મામા સિજ્જત નારાયણન નાયર એ એસ.જી.હાઇવે-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.કે.ભરવાડ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬૩/૨૦૨૨</u>**

**ઇસનપુરઃ** ઈસનપુર ભીમનાથ કોલોની વિશાલનગર સામે શ્રીનાથ એપાર્ટમેન્ટની બાજુમાં ઓરડીમાં રહેતા અને મજુરી કામ કરતા શિવમ રામશંકર કોરી (ઉ.વ.૨૧) (મુળ વતન. કોડજહાનબાદ તા.મિયાટોલા જી.ફતેપુર ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે છતના હુક સાથે પ્લાસ્ટીકનો વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.હડીયલ ચલાવે છે.

**વટવાઃ** અજીતકુમાર સરોજભાઇ ચૌધરી (ઉ.વ.૪૫) (રહે.ઇશ્વર રેસીડન્સી બેંક ઓફ ઇન્ડીયાની બાજુમાં વટવા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને એલ.જી. હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

**નારોલઃ** તબ્બસુમ ડો/ઓ સઇદઅહેમદ શેખ (ઉ.વ.૧૮)(રહે.નજરપાર્ક સોસાયટી, સોનલ ફેકટરી પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૨ બપોરના ૧૨/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી